અત્રેની એ નોંધ લેવામાં આવે છે કે, આજરોજ નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળ અમદાવાદના પત્ર તેમજ નામદાર ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટના સાહેબશ્રનાી પત્ર/ હુકમ અન્વયે આજરોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટીયેલ સીટીંગ યોજવામાં આવેલ છે. અને આ કેસ આ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીંટીંગમાં અમારી સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૧. આ કામે આરોપી વિરુધ્ધ એવો આક્ષેપ છે કે, આ કામના ફરિયાદીએ તેમને અટક કરી જી.પી. એકટ કલમ: –૯૦(અ) અંગેની ફરીયાદ રજુ કરેલી છે જે અંગે ચાર્જશીટ આવી ગયેલ છે.

૨. આરોપીને કેસની નકલો આપી દીધેલ છે. અનેતેઓને ગુના અંગે પુછતાં તેઓએ આજરોજ ગુનો કબુલ કરેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે, તેઓગુનો કબુલ કરવાં માટે બંધાયેલ નથી. અને ગુનો કબુલ કરશે તો તેઓને કાયદાકીય જોગવાઈ મુજબ સજા કરવામાં આવશે તેમ છતાં આરોપી ગુનો કબુલ કરે છે.

૩. જેથી અરોપીને રૂબરૂ સાંભળ્યાં. આરોપી જણાવે છે કે, તેઓ ગરીબ માણસ છે. તેમનો આ પ્રથમ ગુનો છે. તેઓનો કોઈ કબુલ કરવાનો ઈરાદો ન હતો. આરોપી સામે અગાઉ આ પ્ર કારનો કોઈ ગુનો દાખલ થયેલો નથી. જેથી તેના ઉપર દયા રાખવા જણાવે છે.

૪. આ કામે આરોપી સામે જે પ્રકારે ગુનો બને છે, તે જોતા તેમજ કેસની હકીકત ધ્યાનેલેતા આરોપીની ઉપર તેમજ જે પ્રકારે ગુનો બનેલ છે, તે જોતા તેમજ કેસની હકીકત ધ્યાને લેતા આરોપીની ઉંમર તેમજ આરોપીનું સરનામું ધ્યાને લેતાં આરોપીને વધુ સજા ન કરતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>:: હુકમ ::</u>

(૧) આરોપીનાઓને જી.પી. એકટ કલમ:–૯૦(અ) મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડની કલમ:–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–( એકસો ) પુરાનો દંઢ કરવામાં આવે છે .જો દંડની રકમ ન ભરેતો દિન–૦૨ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

સદરહું હુકમ આજ તા.૧૩ મી જુલાઈ, ૨૦૧૯ ના રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ (ડી.બી. ગોહીલ)

તા.૧૩/૦૭/૨૦૧૯ એડી.ચીફ. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

કોર્ટ નં.૧૯,અમદાવાદ.